©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] MONDAY, 29th SEPTEMBER, 2025/ASHWINA 07, 1947 [No. 6462

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯,
(જુઓ નિયમ-૨૬(૯))

નગર રચના યોજના નં. ૦૩ (ગણદેવી રોડ પૂર્વ તીધરા વિસ્તાર) (પ્રથમ ફેરફાર)

પ્રારંભિક યોજના

પત્ર નં. નરયો/ન.ર.યો. નં. ૩ (ગણદેવી રોડ પૂર્વ તીધરા વિસ્તાર) (પ્ર. ફેરફાર)/પ્રા. યો. નિ./જનરલ/૩૩૧૦/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ (૧) ની જોગવાઈઓ પ્રમાણે, તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) અનુસાર મેં તા. ૨૨-૦૯-૨૦૨૫ ના સોમવારના રોજ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો જાહેર કર્યા છે.

સદરહું કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર, સદર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટો માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-''ઠ'' ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમા હિત ધરાવનાર વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોકત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહું યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા : ૨૨-૦૯-૨૦૨૫
સ્થળ : નવસારી

આર. એ. મોદી
નગર રચના અધિકારી અને
નગર નિયોજક
નવસારી શાખા કચેરી
નવસારી.

કચેરીનુ સરનામુ :
નગર રચના અધિકારી અને નગર નિયોજકશ્રીની કચેરી,
નગર આયોજન અને મૂલ્યાંકન ખાતુ,
શાખા કચેરી, નવસારી, સરદાર પટેલ ભવન, નવસારી
મહાનગરપાલિકા બિલ્ડીંગની પાછળ, શાકભાજી માર્કેટની ઉપર,
દુધિયા તળાવ, નવસારી-૩૯૬૪૪૫.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.09.30 15:49:01 IST